Re- Accredited
Grade A by NAAC

Liberty Equality Fraternity

# Babasaheb Dr. B.R.Ambedkar Chair

Estb.: Govt. of Gujarat

Saurashtra University, Rajkot-5

BAC Chair

Prof. (Dr.) Raja N. Kathad, Chairman

Building No.-09, Opp. Department of Sanskrit, Saurashtra University Campus-Rajkot-360005 (Gujarat)
Office Ph.(0281) 2578501 (Ext. No. 429) Web : www.bac.org.in Mob. 96876 92951

## બાબાસાહેબ ડૉ.બી.આર. આંબેડકર ચેર–સેન્ટર

(ગુજરાત સરકારશ્રી દ્વારા સ્થાપિત)

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ–૩૬૦૦૦૫

**BAC/એવોર્ડ/ફેલોશીપ/૨૦/૨૦૧૮ તા. ૦૮/૦૫/૨૦૧૮**

વંચાણે લીધા

(૧) ગુજરાત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ઠરાવ ક્રમાંક–અબડ/૧૦૨૦૧૬/૬૩૭૦૫ /હ (IWDMS/:-71550) સચિવાલય ગાંધીનગર તા.૨૯/૦૪/૨૦૧૬

(૨) ન.અજાક ગ–૧/૧/૨૦૧૭–૧૮/૨૨૫૪–૫૮ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય ગાંધીનગર, તા.૨૦/૦૫/૨૦૧૭ની માર્ગદર્શિકા

(૩) ચેર–સેન્ટરની તા.૦૫/૦૪/૨૦૧૮ની સલાહકાર સમિતિમાં થયેલા નિર્ણયો.

ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા સ્થાપિત બાબાસાહેબ ડૉ. બી.આર. આંબેડકર ચેર–સેન્ટરની માર્ગદર્શિકા મુજબ ચેર–સેન્ટરની સલાહકાર સમિતિની બેઠકમાં થયેલા નિર્ણય અનુસાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં M.Phil, Ph.D માં સંશોધન માટે નોંધાયેલા સંશોધકો અને અધ્યાપકો દ્વારા ભારતીય સંવિધાનના નિર્માતા, રાષ્ટ્રપુરુષ બાબાસાહેબ ડૉ. ભીમરાવ રામજી આંબેડકરજીનાં જીવન, કાર્યો અને તત્ત્વજ્ઞાન ઉપર સંશોધન કરનારને ચેર–સેન્ટર દ્વારા નીચેના નિયમો અને શરતો અનુસાર એવોર્ડ / સ્પેશિયલ ફેલોશીપ આપવાનું ઠરાવવામાં આવ્યું છે.

| | | | |
|---|---|---|---|
| **૧.** | **યોજનાનું નામ** | : | **Babasaheb Dr. B.R. Ambedkar special Fellowship for M.Phil-2018** |
| | **ફેલોશીપની રકમ** | : | રૂા. ૧૦ હજાર (એક વાર) |
| | **ફેલોશીપની સંખ્યા** | : | ૦૫(પાંચ) |
| | **લાયકાત** | : | અનુસ્નાતકમાં પ્રથમ વર્ગ |
| | **પસંદગીની પદ્ધતિ** | : | રૂબરૂ મુલાકાત યોજી કુલપતિશ્રી દ્વારા નિયુક્ત વિષયનિષ્ણાંત દ્વારા પસંદગી |
| **૨.** | **યોજનાનું નામ** | : | **Babasaheb Dr. B.R. Ambedkar special Fellowship for Ph.D-2018** |
| | **ફેલોશીપની રકમ** | : | રૂા. ૨૫ હજાર (એક વાર) |
| | **ફેલોશીપની સંખ્યા** | : | ૦૨(બે) |
| | **લાયકાત** | : | અનુસ્નાતકમાં પ્રથમ વર્ગ અથવા M.Phil |
| | **પસંદગીની પદ્ધતિ** | : | રૂબરૂ મુલાકાત યોજી કુલપતિશ્રી દ્વારા નિયુક્ત વિષયનિષ્ણાંત દ્વારા પસંદગી |
| **૩.** | **યોજનાનું નામ** | : | **Babasaheb Dr. B.R. Ambedkar Award for Research-2018** |
| | **ફેલોશીપની રકમ** | : | રૂા. ૫૦ હજાર (એક વાર) |
| | **ફેલોશીપની સંખ્યા** | : | ૦૫(પાંચ) |
| | **લાયકાત** | : | અનુસ્નાતકમાં પ્રથમ વર્ગ અથવા એમ.ફિલ અથવા પીએચ.ડી. |
| | **પસંદગીની પદ્ધતિ** | : | રૂબરૂ મુલાકાત યોજી કુલપતિશ્રી દ્વારા નિયુક્ત વિષયનિષ્ણાંત દ્વારા પસંદગી |

- **અરજી કરવાની પદ્ધતિ :**

(૧) બાબાસાહેબ ડૉ.બી.આર. આંબેડકર ચેર–સેન્ટરની વેબ–સાઈટ પરથી અરજી પત્રક મેળવી સંપૂર્ણ અરજીપત્રક ભરી અને અરજીપત્રમાં દર્શાવેલ નમૂના ૮ મુજબની સંશોધન દરખાસ્ત ચેર–સેન્ટરમાં રૂબરૂ અથવા પોસ્ટ દ્વારા છેલ્લી તારીખ પહેલા પહોંચતી કરવાની રહેશે.

- **અરજી કરવાની છેલ્લી તારીખ :**

(અ) **Babasaheb Dr. B.R. Ambedkar Award for Research-2018 માટે તા.૩૧/૦૫/૨૦૧૮ સુધી**

(બ) **Babasaheb Dr. B.R. Ambedkar special Fellowship for M.Phil & Ph.D.-2018 માટે તા.૩૦/૦૯/૨૦૧૮ સુધી**

- **સંશોધન માટેનું ક્ષેત્રઃ**

(૧) **Babasaheb Dr. B.R. Ambedkar Award for Research-2018** માટે ચેર–સેન્ટરની માર્ગદર્શિકામાં દર્શાવેલા ઉદેશ્યોને ધ્યાને લઈ બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકરજીના જીવન, કાર્યો અને તત્ત્વજ્ઞાનને અનુરૂપ સંશોધન દરખાસ્ત રજૂ કરવાની રહેશે. આવેલ કુલ દરખાસ્તમાંથી કુલપતિશ્રી દ્વારા નિયુક્ત વિષયનિષ્ણાંત દ્વારા રૂબરૂ મુલાકાત યોજી ૦૫ (પાંચ) સંશોધકોની આ રીસર્ચ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવશે.

(૨) M.Phil, Ph.D. ના વિદ્યાર્થીઓએ પોતાના સંશોધનનો વિષય બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકરજીના જીવન, કાર્યો અને તત્ત્વજ્ઞાનને અનુરૂપ લઘુશોધનિબંધ અથવા મહાશોધનિબંધના શીર્ષક પસંદ કરવાના રહેશે. યુનિવર્સિટીમાં આ વિષયો પર M.Phil, Ph.D. માટે નોંધાયેલ શીર્ષક હોય તેવા શોધછાત્રો જ આ સ્પેશ્યલ ફેલોશીપ માટે અરજી કરી શકશે. આવેલ કુલ દરખાસ્તમાંથી કુલપતિશ્રી દ્વારા નિયુક્ત વિષયનિષ્ણાંત દ્વારા રૂબરૂ મુલાકાત યોજી M.Phil માટે ૦૫ (પાંચ) અને Ph.D. માટે (૦૨) સ્પેશ્યલ ફેલોશીપ માટે પસંદગી કરવામાં આવશે.

(૩) **બાબાસાહેબ ડૉ. બી.આર. આંબેડકર સંશોધન એવોર્ડ–૨૦૧૮ M.Phil અને Ph.D- ફેલોશીપ–૨૦૧૮ માટેના સંશોધન બિંદુઓ**

(ક) બાબાસાહેબ ડૉ.બી.આર. આંબેડકરનાં કાર્યો–કવનમાંથી નિષ્પન થતું તેમનું તત્ત્વજ્ઞાન અને તેમના વિચારોનું કાર્યાન્વયન.

(ખ) બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકર અને અન્ય સામાજિક વિચારકો.

(ગ) ગુજરાતી, હિન્દી, સંસ્કૃત અને અંગ્રેજી સાહિત્યમાં કવિઓની કૃતિઓમાં–સાહિત્યમાં સામાજિક સમતા, સમાનતા અને સમરસતા.

(ઘ) ડૉ. બાબાસાહેબ આંબેડકરજીના બહુ આયામી વ્યક્તિત્વને પ્રકટ કરતાં સંશોધનો.

(ચ) સામાજિક વિકાસમાં પાછળ રહી ગયેલા વર્ગોના સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક ઉત્થાન માટેનું ડૉ.આંબેડકરજીનું દર્શન.

(છ) રાષ્ટ્રપુરુષ બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકરજી.

(જ) રાષ્ટ્રીય એકતા અને અખંડિતામાં બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકરજીનું પ્રદાન.

(ઝ) ડૉ.આંબેડકરજીના જીવન પ્રસંગોમાંથી નિષ્પન્ન થતું દર્શન.

(ટ) મહુથી દીક્ષાભૂમિ સુધીની ડૉ. આંબેડકરજીની દાર્શનિક સફર.

(ઠ) ડૉ.આંબેડકરજીનું આર્થિક દર્શન.

(ડ) ડૉ.આંબેડકરજીનું સામાજિક ચિંતન.

(ઢ) સમાજિક ઐકેય, સમાનતા, અને સમરસતા માટે પ્રતિનિધિત્વ માટેનું ડૉ.આંબેડકરજીનું દર્શન.

(ણ) રાજનીતિ, રાષ્ટ્રનીતિ અને વિદેશનીતિ ચાણકયથી બાબાસાહેબ ડૉ. આંબેડકરજી સુધી

(ત) સમાજિક ઐકેય, સમાનતા, અને સમરસતામાં રાષ્ટ્રપુરુષોનું યોગદાન.
(થ) સમાજના નબળા વર્ગોના સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક જીવન ઉપરના સંશોધન.

- **સંશોધનનો સમયગાળો :**

(૧) **Babasaheb Dr. B.R. Ambedkar Award for Research-**2018 માટેનો સંશોધકે તેમનો સંશોધન અહેવાલ ૨૫/૦૩/૨૦૧૯ સુધીમાં ચેર–સેન્ટરને રજૂ કરવાનો રહેશે. આ માટેની ગાઈડ–લાઈન www.bac.org.in પર ઉપલબ્ધ છે.

(૨) **Babasaheb Dr. B.R. Ambedkar special Fellowship for M.Phil & Ph.D.-2018** જે સંશોધકોની આ સ્પેશ્યલ ફેલોશીપ માટે પસંદગી થશે તેવા સંશોધકોએ યુનિવર્સિટી દ્વારા નિયત થયેલા સમયે પોતાનું સંશોધન રજૂ કરશે તેવી રૂા.૨૦ના સ્ટેમ્પ પર બાંયેધરી આપવાની રહેશે. **M.Phil** માટે ૨ વર્ષ અને Ph.D માટે ત્રણ વર્ષ વધુમાં વધુ સમય રહેશે.

- **સંશોધન એવોર્ડ/ફેલોશીપ પસંદગીની જાહેરાત**

(૧) **Babasaheb Dr. B.R. Ambedkar Award for Research-**2018 માટેની પસંદગી યાદી ચેર–સેન્ટરની વેબ–સાઈટ પર જાહેર કરવામાં આવશે.

(૨) **Babasaheb Dr. B.R. Ambedkar special Fellowship for M.Phil & Ph.D.-2018** માટે પસંદ થયેલા ઉમેદ્વારોની યાદી ચેર–સેન્ટરની વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે.

**::સામાન્ય નિયમો ::**

(૧) આ એવોર્ડયોજના મુજબ નિયત સમયમર્યાદામાં સંશોધન પૂર્ણ કરી સોફ્ટ કોપીમાં અને હાર્ડકોપીની બે નકલ ચેર–સેન્ટરમાં જમા કરાવવાની રહેશે. આ સંશોધનના કોપી–રાઈટના હક્ક ચેર–સેન્ટરના રહેશે.

(૨) M.Phil/Ph.D માટેના સંશોધકને **Babasaheb Dr. B.R. Ambedkar special Fellowship Award-2018** એવા નામથી આપવામાં આવશે. આ ફેલોશીપ એવોર્ડ એક વિશેષ પ્રકારના સંશોધન માટેનો હોય તેથી અન્ય સ્કોલરશીપની સાથે લઈ શકશે.

(૩) આ સંશોધન એવોર્ડ અને ફેલોશીપ એવોર્ડ દ્વારા થનાર સંશોધન દરમ્યાન સંશોધકે સાહિત્યિકચોરી (Plagiarism) અંગેના નિયમનું પાલન કરવાનું રહેશે અર્થાત્ યુજીસી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંશોધન અંગેના જે નિયમો અને પદ્ધતિ હોય તેનું પાલન કરવાનું રહેશે.

(૪) આ ફેલોશીપએવોર્ડ પૂર્ણ સમયના M.Phil, Ph.D ની ડિગ્રીના ભાગ રૂપે તૈયાર કરવામાં આવતા લઘુશોધ નિબંધ અને મહાશોધ નિબંધના વિષયો(શીર્ષક) બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકરજીના જીવન, કવન અને તત્ત્વજ્ઞાન સબંધિ હોવા જરૂરી છે.

(૫) એવોર્ડ / સ્પેશ્યલ ફેલીશીપ માટે કુલપતિશ્રી દ્વારા નિયુક્ત વિષય નિષ્ણાત સમિતિ દ્વારા પસંદગી પામેલા M.PhiL, Ph.D ના સંશોધકોના બેંક ખાતામાં ફેલોશીપની ચુકવણી યુનિવર્સિટી દ્વારા ડિસેમ્બર મહિનામાં કરવામાં આવશે. જ્યાર **Babasaheb Dr. B.R. Ambedkar Award for Research-2018** માટે સંશોધન પ્રોજેકટની માર્ગદર્શિકા અનુસાર સંશોધકોએ ખર્ચ ખરીદીના બિલ, ચેર–સેન્ટર દ્વારા વખતો–વખત યુનિવર્સિટીમાં જમાં કરવાના રહેશે. યુનિવર્સિટીની ખર્ચ–ખરીદીના નીતિ નિમયોનુસાર ખર્ચ ખરીદી કરવાની રહેશે. આ માટેની ગાઈડ–લાઈન ચેર–સેન્ટરની વેબ–સાઈટ પર ઉપલબ્ધ છે. આ

સંશોધન એવોર્ડ–૨૦૧૮ના સંશોધકોએ તેમનું સંશોધનનું કાર્ય ૨૫/૦૩/૨૦૧૯ના પહેલા પૂર્ણ કરી ખર્ચ ખરીદીના બિલ સહિત સંપૂર્ણ અહેવાલ ચેર–સેન્ટરમાં જમાં કરાવવાનો રહેશે.

(૬) **Babasaheb Dr. B.R. Ambedkar Award for Research-2018** માટે શોધછાત્રો અને અધ્યાપક અરજી કરી શકશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંશોધકોને પ્રાધાન્ય આપવામાં આવશે.

(૭) આ સંશોધન એવોર્ડ અને ફેલોશીપની ગ્રાન્ટ ગુજરાત સરકારશ્રીના અનુ.જાતિ કલ્યાણ વિભાગ, ગાંધીનગર દ્વારા આપવામાં આવતી હોય, તેથી ગુજરાત સરકારશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને ચેર–સેન્ટરના વખતો–વખતના નિયમો અને શરતો બંધન કરતા રહેશે. આ ઉપરાંત આ નિયમો અને શરતોમાં જરૂર બાબતે કુલપતિશ્રીનો નિર્ણય આખરી અને બંધન કરતાં રહેશે.

ચેરમેન–BAC

**સવિનય નકલ રવાના**

૧. કુલપતિશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
૨. નિયામકશ્રી અનુ.જાતિ કલ્યાણ વિભાગ, ગાંધીનગર
૩. કુલસચિવશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
૪. ભવનના અધ્યક્ષશ્રીઓ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
૫. સલાહકાર સમિતિના સભ્યશ્રીઓ, બાબાસાહેબ ડૉ. આંબેડકર ચેર–સેન્ટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
૬. કુલસચિવશ્રી, ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
૭. કુલસચિવશ્રી, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ.